Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

Conducted

MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

## ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૦

**પ્રશ્ન ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જ્વાબ લખો.** **(૧૫)**

**અ) ગુજરાતી અર્થ લખો.** **(૨)**

૧. સૂઝતા અસૂઝતાની ગવેષણા કરી ન હોય, અસુઝતું લેવા વડે.
૨. આશાતના વડે.
૩. આલોચના કરીને.
૪. સામાં આવતાં હણ્યા હોય.

**બ) અર્ધમાગધી લખો.** **(૩)**

૧. કેવલી
૨. દુગંછિયં
૩. સંથરીને
૪. પવજ્જામિ
૫. પડિપુન્નં
૬. અણુપાલિયં

**ક) પાઠપૂર્તિ કરો. (કોઈ પણ બે )** **(૪)**

૧. સમયં, અણુંમયં, ભંડ, કરંડગ સમાણં, રયણ કરંડગ ભૂયં,
મા ણં સીયં, મા ણં ઉણ્હં

૨ અભયદયાણં, ચક્ખુ દયાણં, મગ્ગ દયાણં, સરણ દયાણં, જીવ દયાણં, બોહિ દયાણં, ધમ્મ દયાણં.

૩. પરમત્થસેવણા વા વિ વાવન્ન કુદંસણ વજ્જણા સમ્મત્ત સદ્દહણા

**ડ) નીચેના પ્રશ્ન ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ)** **(૬)**

**૧. નામ લખો :**

૧) મહાભદ્ર સ્વામી
૨) જયંત
૩) પિયદંસણે
૪) ધર્મને અધર્મ શ્રધ્ધે તે મિથ્યાત્વ

૨. સર્વાર્થસિધ્ધથી સિદ્ધ વચ્ચે ૧૨ યોજન + ૮ યોજનની સિધ્ધ શિલાની જાડાઈ મળીને ૨૦ યોજન સાધિક/ ઝાઝેરું અંતર છે.

૩. અનર્થદંડ ૪ પ્રકારના છે.
(૧) અવજ્ઝાણાચરિયં (૨) પમાયાચરિયં (૩) હિંસપ્પયાણં (૪) પાવકમ્મોવએસં

૪. કોટિ એટલે પ્રકાર કે મર્યાદા કે છેડો. કરણ અને યોગના ગુણાકારથી કોટિની સંખ્યા મળે છે. જેમે કે ૩ કરણ x ૩ યોગ = ૯ કોટિ થાય છે.

**પ્રશ્ન ૨. ડાલાપાલાના આધારે જવાબ આપો.**

**અ)**

**(૬)**

૧) ૧. જઘન્ય અસંખ્યાત અસંખ્યાત રાશિને અભ્યાસરૂપ ગણતાં પહેલું અનંત આવશે.

૨. જઘન્ય યુક્ત અસંખ્યાતા રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતાં સાતમું અસંખ્યાત આવશે.

૩. ચારે પાલા ભરાઈ જવા પર, તે ચારે પાલાના સરસવના દાણા, તથા છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડયો, ત્યાંથી પ્રથમ દ્વીપ જંબૂદ્વીપ સુધી પડેલા, બધા દ્વીપ સમુદ્રના દાણાને ભેગા કરવા અને એક ઢગલો કરવો. તે બધા દાણાની ગણના કરતા જે સંખ્યા આવે. તે પહેલું અસંખ્યાત છે.

૪. જઘન્ય પરિત અસંખ્યાતની જેટલી સંખ્યા છે, તેને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જે સંખ્યા આવે તે જઘન્ય યુક્ત અસંખ્યાત છે.

૫. તે ઉત્કૃષ્ટ અનંતા અનંત છે પણ તેની રાશિ નથી.

૬. માત્ર બેની સંખ્યા.

૨) પાણીના એક પર્યાપ્તા જીવની નિશ્રામા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે. અને તેની નિશ્રામાં નિગોદના અનંત પર્યાપ્તા જીવો, અનંત અપર્યાપ્ત જીવો હોઈ શકે છે.

૩) એક વખતની ક્ષમા અસંખ્યાત કાળ સુધીની શાતા અપાવી શકે છે. અનંતી શાતાનો અનુભવ કરાવી શકે છે.

૪) સંખ્યાતા આદિ ૨૧ બોલ એટલેડાલાપાલા એટલે પાલામેં ડાલા સરસવના દાણા તે શ્રી અનુયોગદ્વાર સૂત્ર પ્રમાણ પદમાંથી લેવામાં આવ્યો છે.

**બ) ખાલી જગ્યા પૂરો**

(૩)

૧. આઠમા અનંત

૨. સમભાવ

૩. અનવસ્થિત

૪. ૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩ ૧ /૨ આંગુલ ઝાઝેરી.

૫. ૧૦૦૮ ૧ /૨ યોજન (જગતિ અને વેદિકા સહિત)

**પ્રશ્ન ૩. પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો.**

**અ) ટૂંકમાં જવાબ આપો.**

૧. ૫૨પુદ્ગલથી ખસ અને સ્વમાં વસ.

૨. વૈક્રિય પુદગલ પરાવર્તન

૩. કાર્મણ પુદગલ પરાવર્તન

૪. અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાળ.

૫. સંપુર્ણ સંસાર કાળમાં ચાર જ વાર.

૬. કર્યા નથી અને કરશે નહિ.

૭. બની શકે કારણ કે તે મોક્ષે જશે માટે.

૮. લોકમાં એક પણ પરમાણુ પુદ્ગલ ભોગવ્યા વગરનો, એક પણ આકાશ પ્રદેશ, કાળનો એક પણ સમય, એક પણ કષાય સ્થાન બાકી નથી રાખ્યું.

૯. વૈક્યિના ૧૩, ઔદારિકના ૧૦ પુદ્ગલ પરાવર્તનના દંડક.

૧૦. આખા લોકમાં અનેક પ્રકારની પુદ્ગલ વર્ગણાઓ ભરેલી છે.

**બ)** ૧. એક જીવ પોતાના મરણ દ્વારા, વિના ક્રમથી અનુભાગબંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનો ( અશુભ લેશ્યા, કષાય, અશુભ ધ્યાન વગેરે) ને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે તેને સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન કહે છે.

૨. જેટલા સમયમાં એક જીવ સમસ્ત પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તેજસ, ભાષા , શ્વાસોચ્છવાસ, મન અને કાર્મણ કોઈપણ રૂપે પરિણમાવી, જેટલા ગ્રહણ કરે ને બધા પુદ્‌ગલ ભોગવીને છોડી દે, તેટલા કાળ (સમય)ને બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન કરે છે.

પ્રશ્ન ૪. અ

(૧) ૨૪ દંડકમાં નિરંતર ઉપજે અને ચવે તેવા દંડક પાંચ સ્થાવરના છે. તે સિવાયના ૧૯ દંડકમાં સઅંતર અને નિરંતર ઉપજે અને ચવે.

(૨) ૧) અભયકુમાર - સોપક્રમી ૨) બળદેવ – નિરૂપક્રમી ૩) ભરત ક્ષેત્રના ભરતભાઈ - સોપક્રમી, નિરૂપક્રમી. ૪) હેમવયનો મનુષ્ય – નિરૂક્રમી ૫) ધર્મરુચિ અણગાર - સોપકમી ૬) રત્નપ્રભા – નિરૂપક્રમી.

(૩)ભરત ક્ષેત્રનો નિરૂપક્રમી આયુષ્ય વાળો મનુષ્ય – નિશ્ચયે આયુષ્યના ત્રીજા ભાગે ૨) ચક્રવર્તી – ૬ ભાગ પૂર્વે ૩) સિમંધર સ્વામી આયુબંધ નહી કરે. ૪) ઉત્તરકુરુનો હાથી – ૬ માસ પૂર્વે.

૪. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેકે જીવ ઉપરના છ બોલનો બંધ કરે, તેથી ૨૫ x ૬ = ૧૫૦ ભાગા (પ્રકાર) થાય.

તેવી રીતે જ ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના ઘણા જીવો છ બોલનો બંધ કરે તેથી ૨૫ x ૬ = ભાંગા ૧૫૦ + ઉપરના ૧૫૦ = કુલ ૩૦૦ ભાંગા થાય.

નિદ્ધત આયુષ્યના ૩૦૦ અને નિકાચિત આયુષ્યના ૩૦૦ પ્રકારે બંધ થાય એમ કુલ ૬૦૦ ભાંગા નામ કર્મ સાથે, ૬૦૦ ભાંગા ગોત્ર કર્મ સાથે અને ૬૦૦ ભાંગા નામ ગોત્રના ભેગા કરવાથી આયુષ્ય કર્મના ૧૮૦૦ ભાંગા થાય.

જીવ છ બોલ સાથે આયુષ્ય બાંધે - : ૧) જાતિ ૨) ગતિ, ૩) સ્થિતિ, ૪) અવગાહના, ૫) પ્રદેશ, ૬) અનુભાગ.

**પ્રશ્ન ૫. વિરહપદના આધારે જવાબ લખો.**

૧. ત્રીજી નરકે, નવીન સાધુનો.

૨. ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ

| ૩. વિરહ લખો. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧) સનતકુમાર દેવલોક મુર્હતનો | ૧ સમય | ૯ દિવસ, ૨૦ |
| ૨) સમુચ્ચય ગહણ | ૧૫ દિવસ | ૪૨ મહિના |
| ૩) ભરત ક્ષેત્રમાં પરિહાર વિશુધ્ધ ચારિત્ર સાગર | ૬૩, ૦૦૦ વર્ષ ઝાઝેરો | દેશે ઊણા ૧૮ કો કો |
| ૪) ભવનપતિ | ૧ સમય | ૨૪ મુહૂર્તનો |
| ૫) સિધ્ધ | ૧ સમય | ૬ માસનો |
| ૬) નવીન સમક્તિ | ૧ સમય | ૭ દિવસ |

૪. છ મહિને એક જીવ મોક્ષે જાય જ છે ! છતાં અનંત વાર આવા છ મહિના પસાર થઈ ગયા તો પણ આપણો નંબર મોક્ષમાં નથી લાગ્યો.

૫. આરાધના, સાધના અને મહેનત

**પ્રશ્ન ૬. સંસ્કાર વિભાગના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

અ)

૧. અનંતા એકેન્દ્રિય, અસંખ્યાતા વિકલેન્દ્રિય, અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને મન મળ્યુ જ નથી. અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય મન મેળવતા પહેલાં જ મરણ પામે છે.

૨. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સહુ જીવોને કાયા મળે છે. સાધારણ નામ કર્મના ઉદયે અનંતા જીવો વચ્ચે એક જ શરીર મળે છે.

૩. વચનના સમ્યક્ ઉપયોગથી શ્રદ્ધાથી પડતાંને સ્થિર કરે છે અને વચનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચુ શાતાવેદનીય કર્મ બંધાવે છે.

બ) ખાલી જગ્યા પૂરો.

૧. ૧૦૦૦

૨. સેવા, વૈયાવચ્ચ

૩. દુષ્ટ અને સાહસિક

**પ્રશ્ન ૭. કથાના આધારે જવાબ લખો.**

૧. તેતલી પુત્ર પૂર્વ ભવમાં મહાપદ્મ નામે રાજા હતા. અને પોતે દીક્ષા લઈ. ૧૪ પૂર્વોનું અધ્યયન કરેલ ઘણા વર્ષ સાધુપણું પાળીને એક માસનો અનશન કરી પોતે સાતમા મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવીને તેતલીનગરમાં તેતલી પુત્ર રૂપે જન્મ્યા.

૨. જે જીવ અધાર્મિક વગેરે છે તે આળસુ સારા અને જેઓ ધાર્મિક વગેરે છે તે ઉદ્યમી સારા તેવા ઉદ્યમી જીવો અનેક આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, ગ્લાન, નવ દીક્ષિત, કુળ, ગણ, સંઘ અને સાધર્મિકની વૈયાવચ્ચ કરનારા બને છે.

૩. જે રીતે આકાશની એક શ્રેણી જે અનાદિ અનંત અને એક પ્રદેશી હોવાથી બંને તરફથી પરિમિત અથવા અન્ય શ્રેણીઓથી ચારે બાજુથી ઘેરાયેલી છે. તેમાંથી (અસત્ કલ્પનાએ) સમયે એક એક પરમાણું પુદ્ગલ જેટલો ખંડ કાઢીએ તો અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી સુધી કાઢવા છતાં તે શ્રેણી ખાલી થતી નથી તે જ રીતે સર્વ ભવી જીવો સિધ્ધ થશે પરંતુ લોક ભવી જીવોથી રહિત થશે નહિં.

૪. તામલી તાપસે નિયાણું કર્યું હોત તો, ભવનપતિના ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થાત. પરંતુ નિયાણું ન કર્યું તો વૈમાનિકના ઇન્દ્ર તરીકે (વધુ સારુ ફળ) ઉત્પત્તિ થઈ. આ દ્રષ્ટાંત દરેક સાધકોને નિયાણું ન કરવાથી તથા ધર્મ અનુષ્ઠાનનું ફળ ન માંગવાની પ્રેરણા કરે છે.

૫. '' મારા પૂર્વ ભવના પુણ્યના પ્રભાવે મારા ઘરમાં સોનું, ચાંદી, ધન, ધાન્ય, કનક, રત્ન, મણિ મોતી, શંખ વગેરે વધતાં જ રહેલ છે, તે પૂર્વે કરેલાં પુણ્ય મારાં ખર્ચાઈ રહેલ છે. વર્તમાનના લાભમાં મારા ભવિષ્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી, માટે મારે આત્મ કલ્યાણ કરી લેવું તે માટે શ્રેયસ્કર છે.''

**પ્રશ્ન ૮. કાવ્યના આધારે જવાબ લખો.**

૧. કલહ - કલહ કરી જીવ દુભવ્યા, દીધાં કૂંડા કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક

૨. પરમાધામી - પરમાધામીના ભવે, દીધા નારકી દુઃખ
છેદન, ભેદન, વેદના, તાડન અતિ તીક્ખ
માછીના ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ,
ધીવર, ભીલ, કોળી ભવે, મૃગ પાડ્યા પાશ

૩. માછીના ભવે રોપ રોપિયા, નાના વિધ વૃક્ષ,
મૂળ, પત્ર, ફળ, ફૂલના, લાગ્યા પાપ અલક્ષ
અણગળ આંધણ ઓરિયા, અણપુંજે ચુલૈ
અણસોયા કણ ઓરિયા, તેના પાપ કેમ ભૂલે

**જય જિનેન્દ્ર**